GJKH040002942024

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯–૦૩–૨૦૨૪ |
| નોધ્યા તારીખ | ૧૯–૦૩–૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૨૮–૦૪–૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ – માસ– દિન<br>૦૨– ૦૧– ૦૯ |

सत्यमेव जयते

# FORM A

## મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, માતર.

## (ચુકાદાની તારીખ:૨૮/૦૪/૨૦૨૬)

## ફોજદારી કેસ નં.૧૯૭/૨૦૨૪

## માતર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦ ૪૦૪૦ ૨૩૦૩૩૯/૨૦૨૩

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| પ્રતિનિધિ કરનાર | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી | અરવિદભાઇ મંગળભાઇ ચૌહાણ,<br>રહે.રતનપુર, જુનો પુલ, શેઢી નદી પાસે,<br>તા.માતર,જી.ખેડા. |
| પ્રતિનિધિ કરનાર | વિ.વ.શ્રી એમ.એ.પઠાણ/એમ.એ.મલેક/ટી.વાય.મલેક |

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૬–૦૯–૨૦૨૩ |
| ફરીયાદની તારીખ | ૦૯–૦૯–૨૦૨૩ |
| ચાર્ઝસીટ દાખલ કયા તારીખ | ૧૯–૦૩–૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૦૫–૦૬–૨૦૨૪ |
| પુરાવો શરુ કયા તારીખ | ૨૨–૦૪–૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૨૮–૦૪–૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યાની તારી જો હોય તો | – |

## :: આરોપીની વિગતો ::

| નં. | આરોપીનું નામ | ઘરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિદોર્ષ છોડવામા આવ્યા કે કસુરવાર ? | શુ સજા કરી ? | સી.આર.પી.સી. કલમ–૪૨ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
| ૧ | અરવિંદભાઇ મંગળભાઇ ચૌહાણ, | ૧૦/૦૯/૨૦૨૩ | – | ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૨૫, ૫૦૬(૨), ૫૦૪, તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ | વિશ્વસનીય પુરાવાનાં અભાવે છોડી મુકયા | –– | –– |

## FORM C

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદક્ષપક્ષ તરફે મૌખિક પુરાવો :: –

| ક્રમ અને નિશાની | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| **PW-1-21** | સાહેદ શૈલેષસીહ માધુસીહ | સાહેદ |
| **PW-2-22** | સાહેદ કાંતાબેન માધુસીહ | સાહેદ |
| **PW-3-23** | સાહેદ પારુલબેન શૈલેષભાઇ | સાહેદ |

### (બી) બચાવપક્ષે સાહેદ :–

| RANK | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | –– | –– |

### (સી) કોર્ટ સાહેદ :–

| RANK | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | –– | –– |

### ફરીયાદપક્ષ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | EXHIBIT-P-1 | ફરીયાદ |
| ૨ | EXHIBIT-P-2 | ગુનાવાળિ જગ્યાનુ પંચનામુ |

જયુડી.મેજી.ફ.ક.માતર

(નરેન્દ્રકુમાર)
કોડ : જીજે.૦૧૪૪૦

| | | |
|---|---|---|
| ૩ | EXHIBIT-P-3 | હથીયાર કબજે કરેલ તે પંચનામુ |
| ૪ | EXHIBIT-P-4 | સારવાર સર્ટીફીકેટ |
| ૫ | EXHIBIT-P-5 | હથીયાર બંધી જાહેરનામુ |

**બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | - | – |

**મુદામાલની વિગત :–**

| અ.નં. | આટી.નં. | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | લાકડી નંગ–૧ |

## // ચુકાદો //

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૦૬–૦૯–૨૦૨૩ નાં કલાક ૧૯:૩૦ વાગ્યાનાં સુમારે મોજે રતનપુર ગામે જુના પુલ શેઢી નદીની પાસે ફરીયાદીનાં ઘરે ફરીયાદીને જઇ તું મારા વિરોધીઓને કેમ તારા ઘરે બોલાવે છે તેમ કહી ગમે તેમ ગાળો બોલી ફરીયાદીનાં ડાબા હાથમાં લાકડીની ઝાપોટ મારી હાથ ભાંગી નાંખીને શરીરે માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી મહે.જીલ્લા મેજી.સાહેબશ્રી ખેડા–નડીઆદનાં જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કયાનો આક્ષેપ છે.

(૨) **પોલીસ કાર્યવાહી :–**

ઉપરકોત ગુના સબબની ફરીયાદ આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધવાતા તે આધારે સદર ગુનાની તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ સંભાળી લઇ જરુરી પંચનામા કરી, લાગતાં

વળગતાં સાહેદોનાં જવાબો લઈ, આરોપીને અટક કરેલાં અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવો મળી આવતાં અત્રેની કોર્ટમાં ચાર્ઝસીટ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

ચાર્ઝસીટ ફાઈલ થયા બાદ આરોપીને સમન્સ કરવામાં આવેલ જે સમન્સની બજવણી થતાં આરોપી કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપી મુદતે હાજર રહેતા તેઓની સામે આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યાર બાદ આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓને આક્ષેપીત ગુનો કબુલ નથી અને કેસ કાર્યવાહી આગળ ચલાવવી છે તેવું જાહેર કરેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

## (૪) બચાવપક્ષનો પુરાવો :

સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાં વધુ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષનાં પુરાવાને લક્ષમાં લેતાં આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી સોગંદ પર જુબાની તેમજ બચાવનાં સાહેદો તપાસ નથી તેવું જણાવી વિશેષ જવાબમાં ખોટો કેસ કર્યો છે તેમ જણાવેલ છે.

## (૫) દલીલો ::

આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકત સદરહુ કેસના ન્યાયીક નિર્ણય અથે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપિસ્થત થયેલ છે.

## –:: મુદ્દાઓ ::–

૧. શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગઇ તા.૦૬–૦૯–૨૦૨૩ નાં કલાક ૧૯:૩૦ વાગ્યાનાં સુમારે મોજે રતનપુર ગામે જુના પુલ શેઢી નદીની પાસે ફરીયાદીનાં ઘરે ફરીયાદીને જઇ તું મારા વિરોધીઓને કેમ તારા ઘરે બોલાવે છે તેમ કહી ગમે તેમ ગાળો બોલી ફરીયાદીનાં ડાબા હાથમાં લાકડીની ઝાપોટ મારી હાથ ભાંગી નાંખીને શરીરે માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી મહે.જીલ્લા મેજી.સાહેબશ્રી ખેડા–નડીઆદનાં જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓનાં મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં,
૨. આખરી હુકમ મુજબ.

## // કારણો //

### (૮) મુદ્દા નં.૧ ની ચર્ચા ::

ફરીયાદપક્ષે તેઓનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં સાહેદોને તપાસેલ છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષે આંક–૨૧ થી સાહેદ શૈલેષકુમાર માધુસીહ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી અઢી વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે નોકરી ઉપર ગયેલો અને સાંજના ઘરે આવેલા ત્યારે ઘર પાસે તેમની માતા અને બીજા માણસોનુ ટોળુ ભેગુ થયેલુ. બનાવ અંગે તેમના માતાને પુછેલુ તો જણાવેલ કે આપણા કુટુંબી કાકા અરવીંદભાઇએ તારા પિતા સાથે આપણા ઘરે દિલીપભાઇ આવેલા તે બાબતે ઝગડો કરેલો તેવી હકીકત જણાવેલ. બનાવ અંગેની ફરીયાદ તેમના પિતાએ આપેલી. ફરીયાદ બતાવવામાં આવે છે તેમા તેમના પિતાની સહી છે જે ઓળખે છે જેને આંક–પી.૧ આપવામાં આવે છે. બનાવ બાબતે આ સીવાય બીજુ કઇ જાણતા નથી. બનાવ બાબતે પોલીસે પુછપરછ

કરેલી. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ છે અને હવે કોઇ તકરાર રહેતી નથી.

(૮.૨) આંક–૨૨ થી સાહેદ કાંતાબેન માધુસીહ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી અઢી વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે તેઓ તથા તેમના દીકરાની વહુ પારૂલ ઘરે હાજર હતા તે વખતે તેમના પતિ બુમો પાડતા હોઇ જેથી તેઓ તથા પારૂલ દોડીને આવેલા અને જોયેલ તો તેણીના પતિ અને અરવિંદભાઇ વચ્ચે બોલાચાલી થતી હતી. તે સીવાય બીજુ કઇ બનેલ નહી.બનાવ બાબતે પોલીસે પુછપરછ કરેલી. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ છે અને હવે કોઇ તકરાર રહેતી નથી.

(૮.૩) આંક–૨૩ થી સાહેદ પારુલબેન શૈલેષભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી અઢી વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે તેઓ તથા સાસુ કાંતાબેન ઘરે હાજર હતા તે વખતે તેમના સસરા બુમો પાડતા હોઇ જેથી તેઓ તથા તેમના સાસુ દોડીને આવેલા અને જોયેલ તો તેણીના સસરા અને અરવિંદભાઇ વચ્ચે બોલાચાલી થતી હતી. તે સીવાય બીજુ કઇ બનેલ નહી.

બનાવ બાબતે પોલીસે પુછપરછ કરેલી. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે અને હવે કોઈ તકરાર રહેતી નથી.

સદર કામે ફરીયાદી માધુસીહ રામસીહ ચૌહાણ નાઓ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ અવસાન પામેલ હોય જે બાબતે આંક–૨૦ થી તેઓનો મરણનો દાખલો રજુ થયેલ છે જેથી ફરીયાદીનો પુરાવો નોધવામાં આવેલ નથી.

(૯) વધુમાં આ કામે આરોપી સામેના આક્ષેપીત ગુના અંગેની ચર્ચા કરતા અગાઉ આક્ષેપીત ગુના અંગેની ભારતીય ન્યાય સંહિતાની કલમો વંચાણે લેવી ખુબ જ જરુરી જણાય આવતી હોય જે નીચે મુજબ છે......

325. **Punishment for voluntarily causing grievous hurt**.—Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

ઉપરોકત જણાવેલ તમામ ગુન્હાઓ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહેલી છે. સદર કામે પડેલ પુરાવાની ચર્ચા કરીએ તો સાહેદો જ પોતે કહેવાતા ગુન્હા મુજબનો કોઈ બનાવ બનેલ હોય અને બનાવમાં ફરીયાદીને ઈજા થયેલ હોય તેવો સમર્થનકારી પુરાવો

આપેલ નથી. વધુમાં આ કામે સાહેદોનો પુરાવો વંચાણે લેતાં પણ ફરીયાદ કે પોલીસ નીવેદનને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૯.૧) હવે ઇ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨) બાબતે ફરીયાદપક્ષના કેસની હકીકતને ધ્યાનમા લેવામાં આવે તો ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીએ ફરીયાદીને ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોવાની હકીકત ફલીત થાય છે પરંતુ આ કામના સાહેદોની જુબાનીનુ ધ્યાન પુર્વક અને ઝીણવટપુર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો સાહેદોએ તેમની જુબાનીમાં આરોપીએ ગાળો બોલી હોવા બાબતે કોઇ પુરાવો આપેલ નથી. ઈપીકો કલમ–૫૦૪, ૫૦૬(૨) ના આવશ્યક તત્વો જોવામાં આવે તો ખરેખર આરોપી કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેને કારણે મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોઇ તેવુ રેકર્ડ પર આવતુ નથી. આ તબકકે નામદાર ગુજરાત હાઇકોર્ટે ૨૦૦૭(૧) જી.એલ.એચ.૩૩૭, પ્રવિણભાઇ બેચરભાઇ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં જે ઓબ્જર્વેશન કરેલ છે તે ધ્યાને લેતાં આ ગુનાનાં કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનાં આવશ્યક તત્વો સંતોષાતા નથી. વધુમાં આરોપી સામે જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે જો આ તબકકે એવું અનુમાન કરવામાં આવે કે ધારો કે આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી કોઇ કામ કરવાનું કહેલ. આ સંજોગોમાં આરોપીની ધમકીને કારણે ફરીયાદીને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવુ લાગ્યુ હતુ કે કેમ ? અને ફરીયાદી ઉપર ધમકીની કોઇ અસર થઇ હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ ફરીયાદીએ હેઠળ ફરીયાદીએ કોઇ કૃત્ય કે કાર્યલોપ કરેલ કે કેમ ? તે પણ સાબીત થવું જોઇએ પરંતુ તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપરથી ફલીત થતી નથી. જેથી આ કામનાં આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ –૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી.

(૯.૨) વધુમાં આ કામે રેકર્ડ વંચાણે લેતાં આંક–પી.પ થી મે.જીલ્લા મેજી.સાહેબશ્રીનુ હથીયાર બંધીનુ જાહેરનામુ રજુ છે. સદર જાહેરનામા બાબતે ફરીયાદપક્ષે કોઇ માહીતગાર કર્મચારી કે અધિકારીને આ કામે તપાસેલા નથી. તેમજ ફરીયાદપક્ષે સદર જાહેરનામા બાબતે કોઈ જાહેર સ્થળ પર ચોંટાડી કે ઢંઢેરો પીટી જાહેરનામાની પ્રસિધ્ધિ કરાવેલ હોય તેવુ જણાય આવતુ ના હોય ફરીયાદપક્ષ જી.પી.એકટની કલમ–૧૩પ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતા હોય તેમ જણાય આવતુ નથી. જેથી આરોપીએ જી.પી.એકટની કલમ–૧૩પ મુજબનો ગુનો કરેલ હોય તેમ નિ:શંકપણે કહી શકાય તેમ નથી.

(૧૦) હવે આક્ષેપીત ગુનો સાબીત કરવા માટેના આવશ્યક તત્વો જોવામાં આવે તો આંક–૨૧ થી સાહેદ શૈલેષકુમાર, આંક–૨૨ થી સાહેદ કાંતાબેન માધુસીહ, આંક–૨૩ થી સાહેદ પારુલબેન નાએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષને મદદરુપ થાય તેવો પુરાવો આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે તેઓને નામદાર કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ છે, હવે કોઇ તકરાર રહેતી નથી. આમ, હાલનો કહેવાતો બનાવ ફરીયાદપક્ષનાં પુરાવાથી સાબીત થતો નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. આ કામે આંક–૨પ થી પુરાવા બંધની પુરસીસ રજુ રાખી વધુ કોઇ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરેલ છે. જેથી આરોપી સામેનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ ગયેલ છે. તેમ માનીને મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપી અરવિદભાઇ મંગળભાઇ ચૌહાણ, રહે.રતનપુર, જુનો પુલ, શેઢી નદી પાસે, તા.માતર, જી.ખેડા નાને ક્રિમીનલ

પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે તેઓની સામેનાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૫૦૬(૨), ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુનાના કામે વિશ્વસનીય પુરાવાનાં અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ઉપરોકત ચુકાદા વિરુધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવાં સંજોગોમાં દરેક આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) માં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર દરેક આરોપીને રૂા.૫,૦૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર) નાં સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે કબજે કરેલ મુદામાલનો અપીલ સમય પુરો થયે ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૮/૦૪/૨૦૨૬ **(નરેન્દ્રકુમાર)**
સ્થળ:માતર જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦